# આપણું યુજીવીસીએલ

ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ

અંક-૩૬, મે - જૂન ૨૦૧૬




## ઉજાલા (UJALA - ઉન્નત જ્યોતિ બાય એફોર્ડેબલ એલ.ઇ.ડી. ફોર ઓલ) - અંતર્ગત રાહત દરે એલઇડી બલ્બ વિતરણની યોજનાનો શુભારંભ






## આઇસીએઆઇના ૧૩મા નેશનલ એવોર્ડ ફોર એક્સલન્સ ઇન કોસ્ટ મેનેજમેન્ટમાં 'પબ્લિક-સર્વિસ સેક્ટર (લાર્જ)'ની કેટેગરીમાં યુજીવીસીએલે પ્રથમ ક્રમાંકે એવોર્ડ પ્રાપ્ત કર્યો



વર્ષ–૬ અંક–૩૬, મે – જૂન ૨૦૧૬
ફક્ત આંતરિક વિતરણ માટે પ્રકાશિત

**સંરક્ષક**
શ્રી બી.એ. શાહ, આઈએએસ
મેનેજિંગ ડિરેક્ટર,
ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ

**સંપાદક**
શ્રી કે. કે. સથવારા, મેનેજર (કોર્પોરેટ કમ્યુનિકેશન)
શ્રી શૈલેશ એ. નાયક, આસિસ્ટન્ટ મેનેજર (પબ્લિક રીલેશન્સ)

**તંત્રી મંડળ**
શ્રી બી. પી. બુચ, કાર્યવાહક મુખ્ય ઇજનેર (ઓપરેશન)
શ્રી એ. કે. મંગલ, કાર્યવાહક મુખ્ય ઇજનેર (પી.એન્ડ પી.)
શ્રી આર. બી. કોઠારી, જનરલ મેનેજર (ફાઇનાન્સ)
શ્રી એન. એમ. જોષી, કંપની સેક્રેટરી
શ્રી એ. સી. પ્રજાપતિ, વિશેષ મહાપ્રબંધક (એચ.આર.)
શ્રી એસ. એ. પટેલ, અધિક્ષક ઇજનેર, મહેસાણા
શ્રી એચ. ડી. રાઠોડ, અધિક્ષક ઇજનેર, હિંમતનગર
શ્રી એસ. પી. વૈદ્ય, અધિક્ષક ઇજનેર, સાબરમતી
શ્રી વી. એમ. શ્રોફ, અધિક્ષક ઇજનેર, પાલનપુર

**પ્રૂફરીડિંગ :**
શ્રી આર.બી. શુક્લા, સીની. આસિસ્ટન્ટ, કોર્પોરેટ ઓફિસ, મહેસાણા
જ્યોત્સનાબહેન રાઠોડ, સીની. આસિસ્ટન્ટ, કોર્પોરેટ ઓફિસ, મહેસાણા

**પ્રકાશક**
ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ
રજિસ્ટર્ડ અને કોર્પોરેટ ઑફિસ
વિસનગર રોડ, મહેસાણા–૩૮૪ ૦૦૧
www.ugvcl.com

**સંકલન અને સર્જન**
www.aalekhan.com

**આ અંક આપને કેવો લાગ્યો?**

આપનાં સૂચનો કે પ્રકાશન માટેની માહિતી, લેખ, કાવ્યો વગેરે આપ નીચેનાં ઇમેઇલ આઇડી પર મોકલી શકો છો.

cs@ugvcl.in
managercc@ugvcl.in
sanaik_41262@yahoo.co.in
cccell@ugvcl.com

સંકલન : ૨૦/૦૬/૨૦૧૬

## આ અંકમાં

**ઉજાલા**
» ઉજાલા (UJALA – ઉન્નત જ્યોતિ બાય એફોર્ડેબલ એલ.ઇ.ડી. ફોર ઓલ) – અંતર્ગત રાહત દરે એલઇડી બલ્બ વિતરણની યોજનાનો શુભારંભ ....................................૦૪

**સ્વાગત**
» યુજીવીસીએલના નવા મેનેજિંગ ડિરેક્ટર તરીકે કાર્યભાર સંભાળતા શ્રી બી. એ. શાહ, આઇ.એ.એસ. ..............૧૦

**એવોર્ડ**
» આઇસીએઆઇના ૧૩મા નેશનલ એવોર્ડમાં
» યુજીવીસીએલનો પ્રથમ ક્રમ................................૧૦

**પ્રોત્સાહન**
» ૨૧ મે આતંકવાદ વિરોધી દિન નિમિત્તે કર્મચારીઓને આતંકવાદ વિરોધી મોકલેલ સૂત્રો....................................૧૧

**સ્માર્ટ ગ્રીડ**
» 'સ્માર્ટ ગ્રીડ' – ગ્રાહકલક્ષી મહત્ત્વકાંક્ષી પ્રોજેક્ટ...........૧૨

**સેમિનાર**
» વીજ સલામતી સપ્તાહ અંતર્ગત કલોલ વિભાગીય કચેરી દ્વારા સાબરમતી ખાતે સેમિનાર..................................૧૩

**સંક્ષિપ્ત સમાચાર**
» કડી ખાતે વીજ સલામતી રેલીનું આયોજન .................૧૪
» કલોલ ખાતે વીજ સલામતી રેલીનું આયોજન...............૧૪
» ડીસા–૧ અને ૨ ખાતે બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન......૧૪
» ખેરાલુ–૨ ખાતે સત્યનારાયણની કથાનું આયોજન.........૧૪
» મહેસાણા ખાતે વૃક્ષારોપણ કાર્યક્રમનું આયોજન............૧૪

**કાવ્યધારા**
» અલવિદા.................................................૧૫
» પ્રભુરૂપો.................................................૧૫
» વ્યથા....................................................૧૫

**ગૌરવ**
» યુજીવીસીએલ પરિવારનું ગૌરવ...........................૧૫

# સંદેશ



**૧૫ (પંદર) જેટલા રાષ્ટ્રિય અને રાષ્ટ્રિય કક્ષાના એવોર્ડ્ઝ સાથે પોતાની કાર્યક્ષમતા પુરવાર કરી ચુકેલ કર્મચારીઓ સાથે મને કામ કરવાનો અવસર મળ્યો છે જેની હું હકારાત્મક નોંધ લઉ છું.**



**પ્રિય કર્મચારી મિત્રો,**

*અનુભવથી આપને સમજાય છે કે શું કરવું અને શું ન કરવું અને આત્મ વિશ્વાસ આપને તે કામ કરવાની તાકાત આપે છે.*

**– સ્ટેન સ્મિથ**

ઉત્તર ગુજરાત વીજ કંપનીનો ચાર્જ સંભાળી આપ સર્વે કર્મચારીઓના સીધા સંવાદ માટે હું ગૌરવની લાગણી અનુભવું છું.

૧૫ (પંદર) જેટલા રાષ્ટ્રિય અને રાષ્ટ્રિય કક્ષાના એવોર્ડ્ઝ સાથે પોતાની કાર્યક્ષમતા પુરવાર કરી ચુકેલ કર્મચારીઓ સાથે મને કામ કરવાનો અવસર મળ્યો છે જેની હું હકારાત્મક નોંધ લઉ છું. આપ સર્વેમાં પડેલ કાર્યક્ષમતાને પ્રોત્સાહિત કરવા સતત પ્રયત્નશીલ રહીશ તેની ખાત્રી આપુ છું. આપ સૌના સહિયારા પુરૂષાર્થથી વિકાસની નવી ઊંચાઈઓ પ્રાપ્ત કરીશું તેવી અભિલાષા રાખું છું.

આઈસીએઆઈના ૧૩મા નેશનલ એવોર્ડ ફોર એક્સલન્સ ઈન કોસ્ટ મેનેજમેન્ટમાં પબ્લિક-સર્વિસ સેક્ટર (લાર્જ)ની કેટેગરીમાં આપણી કંપનીને પ્રથમ ક્રમાંકે તા. ૨૮-૫-૨૦૧૬ના રોજ નવી દિલ્હી ખાતે એવોર્ડ પ્રાપ્ત થયેલ છે. એવોર્ડ માટેની સંલગ્ન કામગીરી સાથે જોડાયેલ તમામ કર્મચારીઓને ખૂબ ખૂબ અભિનંદન પાઠવી તેમની કામગીરીને બિરદાવું છું.

તા. ૧-૬-૨૦૧૬થી તા. ૭-૬-૨૦૧૬ દરમ્યાન આપણે 'વીજ સલામતી સપ્તાહ'ની ઉજવણી કરી કર્મચારીઓને સલામતીના સાધનોનો કાળજીપૂર્વક ઉપયોગ અને સાવધાનીપૂર્વક કામગીરી કરવા જાગૃત કરેલ, જેનાથી કર્મચારીઓ અને ગ્રાહકોની સલામતી જળવાય અને 'વીજ સલામતી સપ્તાહ'ની ઉજવણી સાર્થક થાય તેવી અપેક્ષા રાખું છું.

ગ્લોબલ વોર્મિંગની અસરોને લીધે ઊભી થયેલી પરિસ્થિતિનો સામનો કરવા 'પર્યાવરણ'ની જાળવણી માટે હરહંમેશ પ્રયત્નશીલ રહીશું તો 'પર્યાવરણ દિન'ની ઉજવણી સાર્થક ગણાશે.

આપ સર્વે સાથે પ્રથમવાર સંવાદ 'આતંકવાદ વિરોધી દિન' નિમિત્તે સંવેદનશીલ થવા માટે કરેલ, સાથે આતંકવાદ વિરોધી સૂત્રો મોકલવા અનુરોધ કરેલ. મને આનંદ છે કે, કર્મચારીઓ દ્વારા સાનુકૂળ પ્રતિસાદના ભાગરૂપે સુંદર સ્લોગન મળ્યા છે જેનાથી હું પ્રભાવિત થયેલ છું. સૂત્રો મોકલનાર તમામ કર્મચારીઓને હૃદયપૂર્વક અભિનંદન પાઠવું છું.

**બી.એ. શાહ,** આઈએએસ
મેનેજિંગ ડિરેક્ટર, યુજીવીસીએલ

**તા. ૨૦-૦૬-૨૦૧૬**

# ઉજાલા (UJALA - ઉન્નત જયોતિ બાય એફોર્ડેબલ એલ.ઈ.ડી. ફોર ઓલ) - અંતર્ગત રાહત દરે એલઈડી બલ્બ વિતરણની યોજનાનો શુભારંભ




સમગ્ર દેશના તમામ ગામડાંઓને વર્ષ ૨૦૧૯ સુધીમાં વીજળી પહોંચતી કરવાના દઢ નિર્ધાર ભારતના સ્વપ્નદ્રષ્ટા અને ગુજરાતના ભૂતપૂર્વ મુખ્યમંત્રી તેમજ જ્યોતિ ગ્રામ યોજનાના જ્યોર્તિધર શ્રી નરેન્દ્રભાઈ મોદીએ વ્યક્ત કર્યો છે જેના ભાગરૂપે ભારત સરકાર દ્વારા ઉજાલા (UJALA ઉન્નત જ્યોતિ બાય એફોર્ડેબલ એલઈડી ફોર ઓલ) - અંતર્ગત રાહત દરે એલઈડી બલ્બ વિતરણની યોજના અમલમાં મુકવામાં આવી છે.

સદર યોજનાનો મુખ્ય ઉદ્દેશ કાર્યક્ષમ એલઈડી લાઇટનો ઉપયોગ થકી વીજ બચત અંગે લોકજાગૃતિ લાવવાનો છે અને એના થકી લોકોને વીજ બીલમાં રાહત મળે અને પર્યાવરણને બચાવવામાં મદદરૂપ થવાનો છે.

હાલમાં વપરાતા સાદા તેમજ સીએફએલ વીજ બલ્બ વીજળીનો વ્યય કરે છે. જેને બદલે એલઈડી બલ્બ વાપરવાથી તેનાથી ઘણા ઓછા વીજ વપરાશમાં તેના જેટલું જ અજવાળું મળે છે. બજારમાં હાલમાં મળતા ઉચ્ચ ગુણવત્તાવાળા એલઈડી બલ્બની કિંમત અંદાજે રૂ. ૩૦૦થી ૩૫૦ જેટલી છે અને માત્ર એક જ વર્ષની વોરંટી ધરાવતો હોય છે જેના લીધે લોકોને ખરીદવામાં મોંઘી પડે છે. આ મુશ્કેલીના નિવારણ માટે તેમજ લોકો બહોળા પ્રમાણમાં એલઈડી બલ્બના ઉપયોગ માટે આગળ આવે તે માટે માનનીય પ્રધાન મંત્રીશ્રી દ્વારા આ યોજનાના અસરકારક અમલીકરણ માટે રાજ્ય સરકારે પ્રયાસો હાથ ધરી હાલમાં ઉચ્ચ ગુણવત્તા ધરાવતા એલઈડી બલ્બ હપ્તા પદ્ધતિથી ફક્ત રૂ. ૮૫માં ૩ વર્ષની વોરંટી સાથે લોકોને મળી રહે તે રીતે આયોજન કર્યુ છે. આ એલઈડી બલ્બ ખરીદવાથી ગ્રાહકોની ખરીદ કિંમતમાં આશરે રૂ. ૨૫૦૦ કરોડની અંદાજિત બચત થાય તેમ છે.

સદર યોજનાના સૂચારૂ અમલ માટે રાજ્ય સરકારે ભારત સરકારની સંલગ્ન કંપની એનર્જી એફિશિયન્સી સર્વિસીસ લી. (ઇ.ઇ.એસ.એલ.) તેમજ દરેક રાજ્યોની વીજ કંપનીઓના સહયોગથી લોકોને રાહત દરે એલઈડી બલ્બ મળી રહે તે માટે આ યોજનાનો શુભારંભ સમગ્ર રાજ્યમાં તા. ૨૬-૫-૨૦૧૬થી કરેલ છે. આ યોજના હેઠળ રાજ્યના ઘર વપરાશ, ઔદ્યોગિક તેમજ વાણિજ્યક વીજજોડાણ ધરાવતા ૧ કરોડ ૨૧ લાખ વીજ ગ્રાહકોને ૧૨ કરોડ એલઈડી બલ્બ વિતરણનું આયોજન હાથ ધરવામાં આવેલ છે. જેનાથી આશરે ૬૫૦ કરોડ યુનિટ વીજળીની અને વીજગ્રાહકોના બીલમાં આશરે રૂ. ૨૫૦૦ કરોડથી વધુ વાર્ષિક બચત થઈ શકે તેમ છે.

## યોજનાની રૂપરેખા

- સમગ્ર રાજ્યમાં દરેક સબડિવિઝન સ્તરે તેમજ મોટા શહેરોમાં બીલ કલેક્શન સેન્ટરની પાસે એલઈડી બલ્બ વિતરણના કાઉન્ટરો બનાવવનું નક્કી કરેલ છે.
- એનર્જી એફિશિયન્સી સર્વિસીસ લી. (ઇ.ઇ.એસ.એલ.) દ્વારા નિયુક્ત કરેલ એજન્સીના માણસો દ્વારા એલઈડી બલ્બના વિતરણની કામગીરી હાથ ધરવામાં આવશે.
- આ યોજના હેઠળ ૯ વોટના એલઈડી બલ્બનું વિતરણ રાજ્યના જનરલ લાઈટીંગ પરપઝ (જીએલપી), મેન્યુફેક્ચરિંગ એન્ડ સર્વિસ ઇન્ડસ્ટ્રીઝ (એમએસઆઇ) અને રેસીડેન્શીયલ

# માનનીય મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલ દ્વારા વડોદરાથી કરવામાં આવેલ પ્રેરક પ્રવચન

વડોદરા ખાતેના કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે શ્રી સૌરભભાઈ પટેલ, માનનીય મંત્રીશ્રી ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ, શ્રી વિજયભાઈ રૂપાણી, માનનીય મંત્રીશ્રી ટ્રાન્સપોર્ટ, પાણી પુરવઠા, શ્રમ અને રોજગાર વિભાગ, શ્રી જયદ્રસિંહ પરમાર માનનીય મંત્રીશ્રી, માર્ગ અને મકાન વિભાગ તેમજ વડોદરાના ધારાસભ્યશ્રીઓ, મેયર, કોર્પોરેટરો તથા રાજકીય આગેવાનો, પ્રજાજનો અને પ્રિન્ટ અને ઇલેક્ટ્રોનિક્સ મીડિયાના પત્રકારો વિશાળ સંખ્યામાં ઉપસ્થિત રહેલ.



વડોદરા ખાતેથી ગુજરાતના મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન દ્વારા કરવામાં આવેલ પ્રવચનનું લાઇવ ટેલિકાસ્ટ તમામ સમારોહોમાં કરવામાં આવેલ. તેઓ પ્રવચન કરતા જણાવેલ કે, ઉજાલાના કાર્યક્રમ એ માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીનો વિચાર કે દેશની ૧૨૫ કરોડની જનતા એલઇડી લાઇટના ઉપયોગ દ્વારા વીજળી બચાવે તેમજ લાઇટ બીલના નાણા પણ બચાવે તેમજ વધારે અજવાળુ પણ મેળવે. માનનીય પ્રધાનમંત્રીએ દેશની પ્રજાના હિતમાં વિચાર કર્યો ને બજારમાં રૂ. ૩૦૦થી ૩૫૦ની કિંમતે મળતા એલઇડી બલ્બ રૂ. ૮૦થી ૮૫માં લોકોને મળે તે માટે પ્રયત્ન કર્યો. શ્રી નરેન્દ્રભાઈએ પોતે પણ પોતાની ઓફિસના સાઉથ બ્લોકમાં આવેલ તમામ કચેરીઓમાં એલઇડી બલ્બ નાંખી વીજ બચત ૭૦૦૦ યુનિટની બચત કરી. બીલ ઓછુ આવ્યું. જામનગર શહેરમાં સ્ટ્રીટ લાઇટના ઉપયોગમાં ૪૫થી ૫૦ ટકા લાઇટ બીલની રકમમાં ઘટાડો થયેલ છે. તેમ જણાવી તમામ નાગરિકોને ઘરમાં એલઇડીનો ઉપયોગ કરી લાઇટ બીલ ઘટાડવા આહવાન કરેલ.








'સ્વસ્છ ભારત અભિયાન', દેશની પ્રાથમિક શાળામાં ૧૦૦ ટકા ટોયલેટ બનાવવાનું કામ જનતાના સહયોગથી કરેલ, ગંગાના શુદ્ધિકરણોનું અભિયાન, વારાણસીના ઘાટની ચોખ્ખાઈ વગેરે વડાપ્રધાન દ્વારા કરવામાં આવેલ કામોની સરાહના કરેલ. કેન્દ્ર સરકારના બે વર્ષ પૂર્ણ થતા શુભેચ્છા પાઠવેલ. નર્મદા ડેમ ઉપર થઈ રહેલ કામગીરીની માહિતી આપેલ રાજ્યના ગરીબો માટે આવાસો સરકાર બનાવી રહી હોવાનું જણાવી ઉજાલા કાર્યક્રમના સુંદર આયોજન બદલ તમામ અધિકારીઓને અભિનંદન પાઠવેલ.

કેટેગરીના અંદાજે ૧.૨૧ કરોડ વીજગ્રાહકોને આપવાનું આયોજન છે.

- આ યોજના હેઠળ બે ભાગમાં (૧) અપ ફ્રન્ટ પેમેન્ટ એટલે રોકડેથી પ્રતિ બલ્બ રૂ. ૮૦માં તેમજ (૨) ઓન બીલ ફાયનાન્સીંગ (ઓબીએફ) એટલે કે હપ્તેથી પ્રતિ બલ્બ રૂ. ૮૫માં એલઇડી બલ્બ આપવાનું આયોજન છે.
- આ યોજના હેઠળ રાજ્ય સરકાર દ્વારા રૂ. ૧૦ પ્રતિબલ્બ સબસીડી મહત્તમ ૧૦ બલ્બ સુધી ઘર વપરાશના વીજગ્રાહકોને રૂ. ૧૦ની સબસીડીનો લાભ મળી શકે નહીં.
- ઓન બીલ ફાયનાન્સીંગ (ઓબીએફ) એટલે કે હપ્તેથી મળનાર બલ્બમાં ગ્રાહકને મહત્તમ ૧૦ બલ્બ જ હપ્તેથી મળશે. જે માટે એના પાછલા બીલમાં કોઈ બાકી રકમ હોવી ન જોઈએ. આનો લાભ ફક્ત એક જ વખત બલ્બ ખરીદી વખતે મળશે. માસિક બીલીંગ પદ્ધતિમાં નવ હપ્તામાં બલ્બની કિંમત વસુલ કરવામાં આવશે, જ્યારે દ્વિમાસિક બીલીંગ પદ્ધતિમાં પાંચ હપ્તામાં રકમ વસુલ કરવામાં આવશે.
- વોરંટી સમયગાળા દરમ્યાન બગડી ગયેલ બલ્બ બદલી આપવામાં આવશે.

# ઉજાલા

સદર યોજના અંતર્ગત સમગ્ર ગુજરાત રાજ્યમાં અલગ અલગ સ્થળોએ રાજ્ય સરકારના મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલના નેતૃત્વ હેઠળ સદર યોજનાનું અમલીકરણ માટે તા. ૨૬-૫-૨૦૧૬ના રોજ મુખ્ય સમારંભ વડોદરા ખાતે તેમજ ઉત્તર ગુજરાત વીજ કંપનીના કાર્યક્ષેત્રમાં અમદાવાદ અને ગાંધીનગર ખાતે આયોજન કરવામાં આવેલ.

સરકારશ્રી તરફથી શ્રી એલ. ચુઆંગો, આઇ.એ.એસ., અગ્ર સચિવ-ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ યુજીવીસીએલ તરફથી શ્રી બી.એ. શાહ, આઇ.એ.એસ. મેનેજિંગ ડિરેક્ટર, ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ અને ટોરેન્ટ પાવર લી. તરફથી ચેરમેન શ્રી સુધીર મહેતા તેમજ વડોદરા ખાતે મધ્ય ગુજરાત વીજ કંપની લિમિટેડના મેનેજિંગ ડિરેક્ટર શ્રી રાજેશ માંજુ, આઇ.એ.એસ. તરફથી નિમંત્રણ પાઠવેલ.








## ગાંધીનગર ખાતેનું આયોજન

ગાંધીનગર ખાતે માનનીય મંત્રી શ્રી નીતિનભાઈ પટેલના અધ્યક્ષ સ્થાને ટાઉન હોલ, સેક્ટર ૧૭ ખાતે યોજવામાં આવેલ. આ પ્રસંગે વિશાળ સંખ્યામાં યુજીવીસીએલ અને ટોરેન્ટ પાવરના ગ્રાહકો, પ્રજાજનો, ધારાસભ્યો, પ્રિન્ટ અને ઇલેક્ટ્રોનિક્સ મીડિયાના પત્રકારો ઉપસ્થિત રહેલ. કાર્યક્રમની શરૂઆત યુજીવીસીએલના ગૌરવ ગીતથી કરવામાં આવેલ. ત્યાર બાદ પ્રાર્થના ગીતથી કાર્યક્રમ શરૂ કરવામાં આવ્યો.

કંપનીના કાર્યવાહક મુખ્ય ઇજનેર (ઓપરેશન) શ્રી બી.પી. બુચ દ્વારા શબ્દોથી ઉપસ્થિત મહાનુભાવોનું સ્વાગત કરવામાં આવેલ. આ પ્રસંગે ગાંધીનગરના ધારાસભ્ય શ્રી અશોકભાઈ પટેલ અને શંભુજી ઠાકોર, ગુડાના ચેરમેન શ્રી આશિષભાઈ દવે, મહાનગરપાલિકાના મેયર શ્રી પ્રવિણભાઈ પટેલ, ગાંધીનગર જિલ્લા કલેક્ટર શ્રી સતીશભાઈ પટેલ, જિલ્લા વિકાસ અધિકારી શ્રી ડી.પી. દેસાઈ, મ્યુનિસિપલ કમિશનર શ્રી દિનેશ મોદી, રાજકીય આગેવાનો સહિત ઉત્તર ગુજરાત વીજ કંપનીના અધિકારી-કર્મચારીઓ સહિત મોટી સંખ્યામાં જિલ્લાવાસીઓ ઉપસ્થિત રહ્યાં હતાં. શબ્દો બાદ કઠોળની છાબડી આપીને ઉપસ્થિત મહાનુભાવોનું સ્વાગત કરેલ, જે બાદમાં આંગણવાડીના બાળકો માટે મોકલી આપવામાં આવેલ. ત્યારબાદ મહાનુભાવો દ્વારા દીપ પ્રાગટ્ય કરીને સમારંભ ખુલ્લો મુકવામાં આવેલ.

માનનીય રાજ્ય કક્ષાના મંત્રીશ્રી દિલીપભાઈ ઠાકોરે પોતાના પ્રાસંગિક ઉદ્‌બોધન દ્વારા રાજ્ય સરકારના ભૂતપૂર્વ મુખ્યમંત્રી અને હાલના ભારતના વડાપ્રધાન









શ્રી નરેન્દ્રભાઈ મોદીના કરકસરપૂર્વકના બે નમુન વહીવટની યાદ અપાવેલ. હવે ગુજરાતની જેમ દેશનો વિકાસ પણ થશે તેવો આશાવાદ વ્યક્ત કરેલ. સતત ચોવીસ કલાક વીજળી આપી દેશમાં પ્રથમ રાજ્ય બન્યું છે અને હવે પછીના સમયમાં સમગ્ર દેશમાં સતત ચોવીસ કલાક વીજળી આપવાનું ભગીરથ કાર્ય પણ પૂર્ણ કરશે તેવો વિશ્વાસ વ્યક્ત કરેલ. પરંપરાગત વીજળીના ગોળા, ત્યાર બાદ સીએફએલ અને હવે આધુનિક ઢબે સંશોધિત એલઈડી બલ્બ દ્વારા વીજળી તેમજ પૈસાથી બચત થાય તેવા પ્રયત્નો કરવા માટે દેશની સરકાર આગળ વધી રહી છે. ધારાસભ્યની ગ્રાન્ટમાંથી પણ તેમના દ્વારા વીજળી બચાવવા એલઈડી બલ્બો વપરાય તે માટે નાણાના ઉપયોગ કર્યો હોવાનું જણાવેલ. હારીજ અને ચાણાસ્મા નગરપાલિકામાં એલઈડીનો ઉપયોગ દ્વારા ૨૨થી ૨૫ હજારનું બીલ ઓછુ આવેલ છે તેવું જણાવેલ. તમામ ગ્રાહકોને આ ઉદાહરણ ઉપર શીખ લઈને એલઈડી વાપરવાનો આગ્રહ રાખવા અપીલ કરેલ.

શ્રી નીતિનભાઈ પટેલ, માનનીય મંત્રી દ્વારા પોતાના પ્રેરક ઉદ્‌બોધનમાં જણાવેલ કે, વીજળીની બચત માટે ગુજરાતીઓ વર્ષોથી કામગીરી કરી રહ્યા છીએ અને શ્રી નરેન્દ્રભાઈ મોદીના સમગ્ર વહીવટ હેઠળ 'ગુજરાત મોડેલ'માં પણ આ પ્રકારની કામગીરી સતત હાથ ધરવામાં આવેલ. આધુનિક સંશોધનમાં નિષ્કર્ષ બાદ શોધવામાં આવેલ એલઈડી બલ્બનો ઉપયોગ કરવા અનુરોધ કરેલ.

યુજીવીસીએલના તમામ અધિકારીઓ ઓછામાં ઓછી લાઈન લોસ અને કાર્યક્ષમ વહીવટ માટે તમામ કંપનીઓમાં અગ્રેસર રહેવા બદલ અભિનંદન આપેલ. સતત વિશ્વસનીય વીજ પુરવઠો સમગ્ર ઉત્તર ગુજરાતને પૂરો પાડવામાં આવે છે તેની સરાહના કરેલ તેમજ ઉજાલા બલ્બના સ્કીમ વિશે સમજ આપેલ તેમજ ઉજાલા યોજનાને વધાવવા માટે અનુરોધ કરેલ.

પ્રવચન બાદ લાભાર્થીઓને મંત્રીશ્રીના વરદ હસ્તે વિતરણ કરવામાં આવેલ. શ્રી નીતિનભાઈ પટેલ દ્વારા ઉજાલા બલ્બની ખરીદી કરવામાં આવેલ. તેમજ એલઈડી બલ્બના વિતરણના લાભાર્થીઓ, સોલર હોમ્સ લાઈટના લાભાર્થીઓ, સોલાર પંપના લાભાર્થીઓ તેમજ શેહરી અને ગ્રામ્ય વિસ્તારના એલ.સી.એસ.પી. (SCSP)ના લાભાર્થીઓ શહેરી વિસ્તાર અને ગ્રામ્ય વિસ્તારના ઝુંપડપટ્ટીના લાભાર્થીઓને પ્રમાણપત્રો એનાયત કરવામાં આવેલ.

આભારવિધિ કલેક્ટર, ગાંધીનગર, શ્રી સતીશભાઈ પટેલ દ્વારા કરવામાં આવેલ. ગાંધીનગર અને કલોલ વિભાગીય કચેરી દ્વારા સફળ આયોજન કરવામાં આવેલ.

## આમંત્રિત મહેમાનો

### મુખ્ય મહેમાન

- શ્રી નીતિનભાઈ પટેલ, માનનીય મંત્રીશ્રી, આરોગ્ય, તબીબી શિક્ષણ અને પરિવાર કલ્યાણ, માર્ગ અને મકાન, પાટનગર યોજના.
- શ્રી દિલીપકુમાર ઠાકોર, માન. રા.ક. મંત્રીશ્રી, સામાજિક અને શૈક્ષણિક પછાત વર્ગોનું કલ્યાણ, શ્રમ અને રોજગાર.
- શ્રી બચુભાઈ ખાબડ, માન. રા.ક. મંત્રીશ્રી, મત્સ્યોદ્યોગ, વન અને પર્યાવરણ.

### અતિથિ વિશેષ

- શ્રી પ્રવિણભાઈ પટેલ, મેયરશ્રી, ગાંધીનગર મહાનગરપાલિકા.
- શ્રી શંભુજી ઠાકોર, માન. ધારાસભ્યશ્રી, ગાંધીનગર (દક્ષિણ).
- શ્રી અશોકભાઈ પટેલ, માન. ધારાસભ્યશ્રી, ગાંધીનગર (ઉત્તર).



## અમદાવાદ ખાતેનું આયોજન

અમદાવાદ ખાતે પણ સદર કાર્યક્રમનું આયોજન માનનીય મંત્રી શ્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમાના અધ્યક્ષ સ્થાને કન્વેન્શન સેન્ટર, જીએમડીસી ગ્રાઉન્ડ ખાતે કરવામાં આવેલ. આ પ્રસંગે વિશાળ સંખ્યામાં યુજીવીસીએલ અને ટોરેન્ટ પાવરના ગ્રાહકો, પ્રજાજનો, ધારાસભ્યો, પ્રિન્ટ અને ઇલેક્ટ્રોનિક્સ મીડિયાના પત્રકારો ઉપસ્થિત રહેલ.

કાર્યક્રમની શરૂઆત યુજીવીસીએલના ગૌરવગીત અને પ્રાર્થના ગીતથી કરવામાં આવેલ.

કંપનીના મેનેજિંગ ડિરેક્ટર શ્રી બી.એ. શાહ દ્વારા સ્વાગત પ્રવચન કરવામાં આવેલ. મંચ પર બિરાજમાન તમામ મહાનુભાવોને ઉદ્દેશીને શબ્દો દ્વારા સ્વાગત કરવામાં આવેલ. મુખ્ય કાર્યક્રમ વડોદરા ખાતે માનનીય મુખ્ય મંત્રીશ્રી આનંદીબેન પટેલના વરદ્ હસ્તે યોજવા અંગેની માહિતી આપેલ તેમજ કાર્યક્રમમાં ઉપસ્થિત અમદાવાદના ગામે ગામેથી પધારેલ પ્રજાજનો તથા પ્રિન્ટ તથા ઇલેક્ટ્રોનિક મીડિયાના પ્રતિનિધિઓને પણ આવકારેલ.

ત્યાર બાદ ઉપસ્થિત મહાનુભાવોનું કઠોળની છાબડી દ્વારા સન્માન કરવામાં આવેલ જે આંગણવાડીની બહેનોને સ્કૂલના બાળકો માટે આપવામાં આવતા ભોજન માટે અર્પણ કરવામાં આવેલ. દીપ પ્રાગટ્ય દ્વારા મહાનુભાવોએ સમારંભને ખુલ્લો મુકેલ, જેને ઉપસ્થિત શ્રોતાઓએ તાળીઓના ગટગડાટથી વધાવી લીધેલ.

પ્રાસંગિક ઉદ્‌બોધનમાં શ્રી શંકરભાઈ ચૌધરીએ જણાવેલ કે, વીજળી એ આજના યુગમાં અતિઆવશ્યક જરૂરિયાતોમાં સ્થાન પામેલ છે. વીજળી બચાવવા માટે વિવિધ ઉપાયો દુનિયાના દેશો હાથ ધરી રહેલ છે. વીજ ઉત્પાદન, વપરાશ અને વ્યવસ્થામાં ગુજરાત અવ્વલ નંબરે હોવાનું જણાવેલ.



















વીજળીનો જેટલો વપરાશ વધે છે તેટલું પર્યાવરણને નુકસાન પણ થતું હોય છે. વપરાશ એની એ જ રહે અને કાર્યક્ષમતાથી ઉપયોગ કરવામાં આવે તે માટે એલઇડીના સંશોધનનો આવિષ્કાર આપણે કરેલ છે. હાલમાં બજારમાં 'એલઇડી બલ્બ' મોંઘી કિંમતે મળે છે તેનો વપરાશ વધુમાં વધુ લોકો કરે તે આશાયથી માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના પ્રયત્નોથી આજ રોજ સામાન્ય લોકોને પરવડે તેવી કિંમતે આપવાનો પ્રયાસ સરકારશ્રી દ્વારા કરવામાં આવી રહેલ છે જે ઐતિહાસિક પગલું છે. જેનાથી વીજળીની બચત થશે અને ગ્રાહકોના વીજ બીલ ઓછુ આવવાને કારણે પૈસા પણ બચશે.

માનનીય મંત્રી શ્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમાએ પોતાના વક્તવ્યમાં જણાવેલ કે, આજથી બે વર્ષ પહેલા આપણા રાજ્યના તત્કાલિક મુખ્યમંત્રી અને દીઘદ્રષ્ટા એવા આજના પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ભારતની શાસન ધૂરા સંભાળેલ જે આપણા માટે ઐતિહાસિક દિવસ હતો. ભારતના વિકાસનો નવો અધ્યાય શરૂ થયો. કેન્દ્ર સરકાર દ્વારા આપવામાં આવેલી સહાય પૂર્ણ સ્વરૂપે લોકો સુધી પહોંચે તેવા પ્રયત્નો શરૂ થયા. 'જનધન' યોજના દ્વારા સામાન્ય ગરીબ લોકોના પણ બેંકમાં ખાતા ખોલવામાં આવ્યા. પ્રધાનમંત્રી જીવન યોજના અંતર્ગત રૂ. ૧માં અવસાન બાદ પરિવારને બે લાખ મળે તેવી યોજના કરી, ગરીબોને એલપીજી ગેસ પૂરી પાડવાનું કામ કરી પ્રધાનમંત્રીના આહવાનને લીધે લોકોએ મોટી સંખ્યામાં ગેસ સબસીડી છોડી દીધી. ગરીબોના ભલા માટે લોકો આગળ આવ્યા, આ પ્રકારની કામગીરી માટે માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની કામગીરીની સરાહના કરેલ તેમજ ચોવીસ કલાક સતત ગ્રામ્ય વિસ્તારોમાં વીજ પુરવઠો પૂરો પાડવાની કામગીરીને પણ યાદ કરેલ.

આભારવિધિ શ્રી સુધીર મહેતા, ચેરમેન ટોરેન્ટ પાવર દ્વારા કરવામાં આવેલ. સાબરતમતી સર્કલ ઓફિસ દ્વારા સમગ્ર કાર્યક્રમનું સુંદર અને સફળ આયોજન હાથ ધરવામાં આવ્યું. ■

## આમંત્રિત મહેમાનો

### મુખ્ય મહેમાન

- શ્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમા, માનનીય મંત્રીશ્રી શિક્ષણ, ઉચ્ચ અને ટેક્નીકલ શિક્ષણ, અન્ન નાગરિક પુરવઠા વિભાગ, વૈધાનિક અને સંસદિય બાબતો.
- શ્રી શંકરભાઈ ચૌધરી, માન. રા.ક. મંત્રીશ્રી શહેર ગૃહ નિર્માણ, આરોગ્ય અને પરિવાર કલ્યાણ, વાહન વ્યવહાર.
- શ્રી પ્રદિપસિંહ જાડેજા, માન.રા.ક. મંત્રીશ્રી કાયદો અને ન્યાય તંત્ર, વૈધાનિક અને સંસદિય બાબતો, દેવસ્થાન, યાત્રાધામ વિકાસ.

### અતિથિ વિશેષ

- શ્રી ગૌતમભાઈ શાહ, મેયરશ્રી, અમદાવાદ મહાનગરપાલિકા.
- શ્રી સુરેશભાઈ પટેલ, માન. ધારાસભ્યશ્રી, મણીનગર.
- શ્રી અરવિંદભાઈ ગાંડાલાલ પટેલ, માન. ધારાસભ્યશ્રી, સાબરમતી.
- શ્રી રજનીકાંત મોહનલાલ પટેલ, માન. ધારાસભ્યશ્રી, અસારવા.
- શ્રી કિશોરસિંહ બાબુલાલ ચૌહાણ, માન. ધારાસભ્યશ્રી, વેજલપુર.
- શ્રી રાકેશભાઈ જશવંતલાલ શાહ, માન. ધારાસભ્યશ્રી, એલીસબ્રીજ.
- શ્રી જગદીશભાઈ ઇશ્વરભાઈ પંચાલ, માન. ધારાસભ્યશ્રી, નિકોલ.
- ડો. નિર્મલાબેન સુનિલભાઈ વાઘવાણી, માન. ધારાસભ્યશ્રી, નરોડા.
- શ્રી જગરૂપસિંહ ગિરદાનસિંહ, માન. ધારાસભ્યશ્રી, બાપુનગર.
- શ્રી હસમુખભાઈ સોમાભાઈ પટેલ, માન. ધારાસભ્યશ્રી, અમરાઈવાડી.
- શ્રી ગ્યાસુદ્દીન હબીબુદ્દીન શેખ, માન. ધારાસભ્યશ્રી, દરિયાપુર.
- શ્રી ભુષણ અશોકભાઈ ભટ્ટ, માન. ધારાસભ્યશ્રી, જમાલપુર-ખાડીયા.

# યુજીવીસીએલના નવા મેનેજિંગ ડિરેક્ટર તરીકે કાર્યભાર સંભાળતા શ્રી બી. એ. શાહ, આઈ.એ.એસ.



રાજ્ય સરકારશ્રીના આદેશ અનુસાર, ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડના મેનેજિંગ ડિરેક્ટર તરીકે શ્રી બી. એ. શાહ, આઈ.એ.એસ. નિયુક્ત થતાં ૯ મે ૨૦૧૬ના રોજ તેમણે પોતાનો હોદ્દો સંભાળી લીધેલ છે.

શ્રી શાહે ૧૯૮૯માં બી.ઇ. (સિવિલ)ની ડીગ્રી મેળવી હતી. તેઓ કાયદાના પણ સ્નાતક છે. ગેટ ૧૯૯૦ની પરીક્ષામાં તેઓએ ૯૮.૦૩ પર્સન્ટાઇલ મેળવ્યા હતા. આશરે ત્રણ વર્ષ અમદાવાદની એલ.ડી કોલેજ ઓફ એન્જિનીયરિંગમાં લેક્ચરર તરીકે સેવા આપ્યા પછી, ૧૯૯૩થી તેમણે ગુજરાત એડમિનિસ્ટ્રેટિવ સર્વિસીઝ (જીએએસ)માં પ્રોબેશનર ડેપ્યુટી કલેક્ટર તરીકે સેવારત રહ્યા પછી એડિશનલ કલેક્ટર તરીકે બઢતી મેળવી હતી. એપ્રિલ ૨૦૧૬માં તેમને આઈએએસ તરીકે બઢતી મળી હતી.

આમ રાજ્ય સરકારમાં વિવિધ સેવાનો બહોળો અનુભવ ધરાવતા શ્રી શાહની યુજીવીસીએલના એમડી તરીકે નિયુક્તિ થતાં કંપનીના અધિકારીઓ અને કર્મચારીઓમાં આનંદની લાગણી ફેલાઈ છે. ૦૯ મે, ૨૦૧૬ના રોજ યુજીવીસીએલમાં શ્રી શાહના પ્રથમ દિવસે કંપનીના ઉચ્ચ અધિકારીઓ દ્વારા તેમનું હૂંફાળું સ્વાગત કરવામાં આવ્યું હતું. યુજીવીસીએલના જનરલ મેનેજર (ફાઇનાન્સ) અને સીએફઓ શ્રી આર. બી. કોઠારી, કંપની સેક્રેટરી શ્રી એન. એમ. જોશી, ઇનચાર્જ ચીફ એન્જિનીયર (ઓપરેશન) શ્રી બી. પી. બુચ, ઇનચાર્જ ચીફ એન્જિનીયર (પીએન્ડપી) શ્રી એ. કે. મંગલ અને અન્ય અધિકારીઓ અને કર્મચારીઓએ શ્રી શાહના સક્ષમ નેતૃત્ત્વમાં કંપની પ્રગતિનાં નવાં શિખરો સર કરશે તેવી લાગણી વ્યક્ત કરી હતી.



યુજીવીસીએલના વિદાય લેતા એમ. ડી. શ્રી અનુપમ આનંદ, આઇ.એ.એસ.ની એડિશનલ ઇન્ડસ્ટ્રીઝ કમિશનર તરીકે બદલી થઈ છે.

# આઈસીએઆઇના ૧૩મા નેશનલ એવોર્ડમાં યુજીવીસીએલનો પ્રથમ ક્રમ

તા. ૨૮ મે ૨૦૧૬ના રોજ નવી દિલ્હી ખાતે વીજ કંપની લિમિટેડે ૧૩મી નેશનલ એવોર્ડ્ઝ ફોર એક્સલન્સ ઇન કોસ્ટ મેનેજમેન્ટના સમારંભમાં 'પબ્લિક-સર્વિસ સેક્ટર (લાર્જ)'ની કેટેગરીમાં એવોર્ડ પ્રાપ્ત કરેલ છે. સદર એવોર્ડ કંપનીના મેનેજિંગ ડિરેક્ટર શ્રી બી.એ. શાહ અને જનરલ મેનેજર (ફાઇનાન્સ) અને ચીફ ફાઇનાન્સ ઓફિસર શ્રી આર.બી. કોઠારીને શ્રી નજીબ શાહ, આઇઆરએસ ચેરમેન સેન્ટ્રલ બોર્ડ ઓફ એક્સાઇઝના વરદ હસ્તે પ્રથમ ક્રમાંક માટે અર્પણ કરવામાં આવેલ છે. આ સમયે શ્રી પી.વી. ભટ્ટાડ, પ્રમુખ, શ્રી માનસ કુમાર ઠાકુર, ઉપપ્રમુખ ધી ઇન્સ્ટીટ્યુટ ઓફ કોસ્ટ એકાઉન્ટ્સ ઓફ ઇન્ડિયા ઉપસ્થિત રહેલ.






**૨૧ મે આતંકવાદ વિરોધી દિન નિમિત્તે કર્મચારીઓને આતંકવાદ વિરોધી સૂત્રો મોકલવા કરેલ આહવાનના અન્વયે સુંદર પ્રતિસાદ મળેલ છે. સૂત્રો મોકલનાર કર્મચારીઓને ખૂબ ખૂબ અભિનંદન...**

ન વાદ, ન વિવાદ – બસ, ખતમ કરો આતંકવાદ..!!

---

ઘર ઘર ગુંજે એક જ નાદ – નહિં રહે હવે આતંકવાદ..!

---

એ જ હવા, એ જ પાણી, તો શાને આતંકવાદની વાણી?

---

ઘટમાં ઘોડા થનગને, આતમ વિંઝે પાંખ,
અણદિઠેલી ભોમ પર યૌવન માંડે આંખ,
યુવાનીની આંખો આડે વેરની રાખ,
સોહામણા સપનાને આડે આતંકવાદની ઝાંખ.. !

---

મંદિર, મસ્જિદ, અગિયારી, ગિરિજાઘર, ગુરુદ્વારા...
ચલો કસમ ખાયે, ન રહે આતંકવાદ દુબારા...!

---

–**અજય વખારીયા**, *કાર્યપાલક ઇજનેર, બાવળા*

કુરુક્ષેત્ર મન સૌનું, એમાં હર ઘડીએ કૌરવવાદ;
સદ્‌ગુણ સૌનાં પાંડવ જેવા, મૂકી દે એકતાના હથિયાર;
હું જ અર્જુન, હું જ દુર્યોધન; મારામાં જ કૃષ્ણવાદ...
સામ દામ દંડ ભેદ થકી, કાયમ માટે ભાગે આતંકવાદ...

---

એક તિરંગા નીચે ઊભા સહુ,
લાલ રક્તનો આ માનવવાદ...
જાત બધાની માનવી કહું,
ચાલ ભુલાવીએ આતંકવાદ!!!!

---

આવો, જગાડીએ વિશ્વ વાદ
ચાલો, ભગાડીએ આતંક વાદ

---

–**હસમુખ બી. પટેલ**, *નાયબ ઇજનેર, નારોલ સ્ટોર*

આતંકવાદ એક માનવસર્જિત આફત

---

–**અનિલ પટેલ**, *જુનિયર આસિસ્ટન્ટ, સલાલ સબડિવિઝન*

આતંક બંધ કરો, અહિંસાનું પાલન કરો.

---

–**શ્રી બી. બી. દેસાઈ**,
*નાયબ અધિક્ષક (હિસાબ) વિભાગીય કચેરી, ગાંધીનગર.*

“ભાઈચારો વધારો અને આંતકવાદ ભગાવો”

---

–**નિશાંત પટેલ**, *જુનિયર આસિસ્ટન્ટ, પાલનપુર સર્કલ ઓફિસ*

They Call It A 'Holy War'! There Is Nothing Holy Or War!!

---

The Acts Of Trrorism Are Like Winding Of The Spring,
They Will Know The Effect When It Starts Unwinding !!

---

Terrorism Is A Germ Which Spoils
The Garden Called World

---

Chhup Kar Mat Goli Barsao, Hai Himmat To Samne Aao...

---

Blow Up Balloons, Not People...

---

Hang Trrorist & Crush Terrorism

---

**- Siddharthsinh D.Chavda,**
*Jr.Assistant, Bhildi S/Dn, Deesa Division-1*

"With Guns You Can
Kill Terrorists,
But
With Rite Education You Can
Kill Terrorism."


---

**- U.S.Dhodi** *(Dy.Supdt. a/c Exp.),*
*Division Office, Radhanpur.*

# ‘સ્માર્ટ ગ્રીડ’ - ગ્રાહકલક્ષી મહત્ત્વકાંક્ષી પ્રોજેક્ટ

વીજ વિતરણ ક્ષેત્રે, સમગ્ર વિશ્વમાં આજકાલ સૌથી વધુ ચર્ચાતો શબ્દ છે સ્માર્ટગ્રીડ. નવી ટેક્નોલોજીની મદદથી ગ્રાહકોને વધુમાં વધુ સુવિધા આપવી અને ઊર્જાની મહત્તમ બચત કરવી એ સ્માર્ટગ્રીડનાં મુખ્ય લક્ષ્યો છે.


બીજા શબ્દોમાં કહીએ તો વીજ પ્રવાહ (Electrical Grid)ને દૂર સંચાર તેમજ ટેકનિકલ સુધારા થકી વધુ મજબૂત, વધુ સક્ષમ બનાવવી એટલે સ્માર્ટ ગ્રીડ તૈયાર કરવી.




હાલમાં દુનિયાના ઘણા દેશો આ અંગે વધુ સંશોધન થકી સ્માર્ટ ગ્રીડ ટેક્નોલોજીનો અમલ પ્રાયોગિક ધોરણે તબક્કાવાર કરવા પ્રયત્ન કરી રહ્યા છે. ભારત દેશે પણ આ ક્ષેત્રે હરણફાળ ભરેલ છે અને ભારતની જુદી જુદી વીજ કંપનીઓ પાસેથી આ પ્રોજેક્ટનું યોગ્ય અમલીકરણ થાય તે માટે પ્રોજેક્ટ રિપોર્ટ વર્ષ ૨૦૧૨માં મંગાવેલ.

આપને જાણીને ખુશી થશે કે ભારતમાં માત્ર ૧૪ વીજ કંપનીનીઓ ‘સ્માર્ટ ગ્રીડ’ પાઇલોટ પ્રોજેક્ટ કરવા માટે પસંદ થયેલ જેમાંથી એક યુજીવીસીએલ કંપની છે.

યુજીવીસીએલ દ્વારા હાલમાં વીજ વિતરણ ક્ષેત્રે કરવામાં આવી રહેલ વિવિધ પ્રવૃત્તિઓને અનુલક્ષીને કેન્દ્ર સરકાર દ્વારા મંગાવવામાં આવેલ પ્રોજેક્ટ રીપોર્ટ અંગેની પૂર્તતાને ધ્યાનમાં લઈને યુજીવીસીએલની પસંદગી કરવામાં આવેલી છે. જે કંપની તથા તમામ કર્મચારીઓ માટે ગૌરવની વાત છે.




**વીજ વિતરણ ક્ષેત્રે કરવામાં આવી રહેલ આમૂલ પરિવર્તનો થકી સમગ્ર વિશ્વમાં માત્ર વીજ વિતરણ જ નહીં પરંતુ ગ્રાહકોને સંપૂર્ણ સંતોષ આપી શકાય તે મુજબની પદ્ધતિસરની વીજ વિતરણની કામગીરી થાય તેવા હેતુથી ‘સ્માર્ટ ગ્રીડ’ની યોજના અમલમાં મુકવામાં આવી રહેલ છે.**

આપણી ઉત્તર ગુજરાત વીજ કંપની હરહંમેશ અવનવા તકનિકી સુધારા થકી ગ્રાહકોને વધુ સારી સેવાઓ આપવા હરહંમેશ કટિબદ્ધ રહે છે.

આ પ્રોજેક્ટનું સફળ અમલીકરણ થાય તે માટે અમદાવાદ ખાતેના નરોડા વિસ્તારને તેમજ બનાસકાંઠાના ડીસા વિસ્તારને ધ્યાનમાં લેવામાં આવેલ છે.

અમદાવાદના નરોડા એરિયાના ૨૦,૦૦૦થી વધુ ગ્રાહકોને આ પ્રોજેક્ટનો લાભ મળશે જેમાં રહેણાક, વાણિજ્ય વગેરે ગ્રાહકોને આવરી લીધેલ છે, જ્યારે ડીસા વિસ્તારમાં ડીસા-૨ ડિવિઝનમાં આવતા ૬ સબડિવિઝનમાં આ પ્રોજેક્ટ અમલીકરણ નજીકના ભવિષ્યમાં કરવામાં આવશે.

આ પ્રોજેક્ટ થકી નરોડા વિસ્તારના તમામ ગ્રાહકો તેમના વીજ વપરાશના દરેક ૧૫ મિનિટના સમયના વીજ વપરાશની વિગતો ઓનલાઇન જોઈ શકાશે તેમજ જરૂરી બિલની તેમજ પેમેન્ટની વિગત તેમના મોબાઇલ તેમજ ઇન્ટરનેટ થકી મેળવી શકશે.

આ પ્રોજેક્ટ થકી કંપની આ વિસ્તારના વીજ વિક્ષેપની માહિતી દરેક ગ્રાહક માટે મેળવી શકશે તેમજ ગ્રાહકનાં બિલ કોઈ હસ્તક્ષેપ વગર ઓટોમેટિક બનાવી શકશે.

આ પ્રોજેક્ટના ભાગ રૂપે યુજીવીસીએલના હેઠળ આવતા તમામ સબસ્ટેશનના દરેક ફિડરોના વીજ વપરાશ જાણી શકાશે જેથી કંપનીના કુલ વીજ વપરાશ જાણી શકાશે અને તેથી કંપનીના એક એકમ ALDCમાં લોડ ફોરકાસ્ટિંગનું કામ વધુ ગુણવત્તાથી કરી શકાશે.

આ પ્રોજેક્ટનું બજેટ ૮૨.૭૦ કરોડ મિનિસ્ટ્રી ઓફ પાવર દ્વારા મંજૂર કરવામાં આવેલ છે. જેમાંથી ૪૧.૩૫ કરોડ મિનિસ્ટ્રી ઓફ પાવર દ્વારા ગ્રાન્ટ પેટે આપવામાં આવશે. જ્યારે બાકીની રકમ યુજીવીસીએલ દ્વારા ખર્ચ કરવામાં આવશે. ■

# વીજ સલામતી સપ્તાહ અંતર્ગત કલોલ વિભાગીય કચેરી દ્વારા સાબરમતી ખાતે સેમિનાર





તા. ૧-૬-૨૦૧૬થી ૭-૬-૨૦૧૬ દરમ્યાન દર વર્ષની જેમ ઉત્તર ગુજરાત વીજ કંપની દ્વારા વીજ સલામતી સપ્તાહની ઉજવણી કરવામાં આવેલ. કોર્પોરેટ ઓફિસના પરિપત્ર દ્વારા કર્મચારીઓમાં તથા કંપનીના મૂલ્યવર્ધિત ગ્રાહકોને 'વીજ સલામતી' અંગે જાગૃતિ કેળવવા વીજ અકસ્માતને અટકાવવાની સૂચના આપતા ચોપાનીય, રેલી દ્વારા બેનરો પ્રદર્શિત કરવા, ગ્રાહકોને રૂબરૂમાં વીજ અકસ્માત અટકાવવાની સમજુતી આપવી, કર્મચારીઓ દ્વારા ગ્રાહકોને રૂબરૂ સંપર્ક દ્વારા વીજ અકસ્માત ન થાય તે માટે કેવા વીજ ઉપકરણો વાપરવા તે અંગે ગ્રાહકોને માર્ગદર્શન આપવું, કર્મચારીઓને પ્રેઝન્ટેશન દ્વારા સમજુતી આપી શકાય તે માટે સેમિનારો જેવી વિવિધ પ્રવૃત્તિઓનું આયોજન કરવા માટે જાણ કરવામાં આવેલ. જે અતર્ગત કલોલ પેટાવિભાગીય કચેરી દ્વારા ઉત્સાહભેર તમામ પ્રવૃત્તિઓ કરવામાં આવેલ. તા. ૬-૬-૨૦૧૬ના રોજ સાબરમતી ખાતે કાર્યવાહક મુખ્ય ઇજનેર શ્રી બી.પી. બુચ, અધિક્ષક ઇજનેર, સાબરમતી, શ્રી એસ.પી. વૈદ્ય. કાર્યપાલક ઇજનેર, કલોલ શ્રી જે.કે. દરજી અને નાયબ ઇજનેર (ટેક) શ્રી પરાગભાઈ દેસાઈની ઉપસ્થિતિમાં 'વીજ સલામતી' અંગેના સેમિનારનું આયોજન કરવામાં આવેલ.

સ્વાગત પ્રવચન કાર્યપાલક ઇજનેર શ્રી દરજીએ 'સલામતી સપ્તાહ' દરમ્યાન કલોલ વિભાગીય કચેરી દ્વારા કરવામાં આવેલ કાર્યક્રમો તથા ગ્રાહકોને જાગૃત કરવા કરવામાં આવેલ પ્રયાસો અંગેની માહિતી પુરી પાડેલ. કંપનીના કામગીરીમાં ટેક્નીકલ




કર્મચારીઓનો મહત્ત્વનો ફાળો હોવાનું જણાવી કાળજીપૂર્વક વીજ લાઇન સાથે કામગીરી કરી 'સલામતી' રાખવી જોઈએ તેવું જણાવી શબ્દોથી સ્વાગત કર્યા બાદ ઉપસ્થિત મહાનુભાવોનું બૂકે દ્વારા સ્વાગત કરવામાં આવેલ. ત્યાર બાદ દીપ પ્રાગટ્ય કરીને સેમિનારને ખુલ્લો મુકવામાં આવેલ.

પ્રાસંગિક ઉદ્બોધનમાં અધિક્ષક ઇજનેર શ્રી એસ.પી. વૈદ્યે કર્મચારીઓને વીજ સલામતી માટે સાવચેતી રાખી વીજ સલામતીના સાધનો જે કંપની દ્વારા પૂરા પાડવામાં આવેલ છે તેનો ઉપયોગ કરી કામગીરી કરવા અનુરોધ કરેલ.

સમારંભના અધ્યક્ષ અને કાર્યવાહક મુખ્ય ઇજનેર શ્રી બી.પી. બુચે કલોલ વિભાગીય કચેરીના કર્મચારીઓને ટીએન્ડડી લોચ ઘટાડવાની મહેસુલી આવકની વસુલાત તેમજ ટ્રાન્સફોર્મર ફેલ્યોર માટે કરવામાં આવેલ મહત્ત્વની સફળ કામગીરી માટે અભિનંદન પાઠવેલ.

વીજળીનું જીવંત વાયર સાથે જ્યારે આપણે જોખમી કામ કરી રહ્યા હોય તેવા સંજોગોમાં વીજ સલામતીના સાધનોનો ઉપયોગ કરવા અનુરોધ કરેલ. કર્મચારીઓ વીજ સલામતી માટે પોતાનું મંથન કરી એવી કામગીરી કરે કે પોતાને કે બીજાને ક્યારેય અકસ્માત ન થાય જ્યારે ફીલ્ડમાંથી વીજ અકસ્માત અંગે સમાચાર આવે છે ત્યારે ઉચ્ચ અધિકારીઓ પીડા અનુભવે છે, દુઃખી થાય છે. કામગીરી કરો ત્યારે એવી નક્કર કામગીરી કરો કે ભવિષ્યમાં પણ તેનાથી કોઈ આકસ્મિક પરિસ્થિતિનું નિર્માણ ન થાય સંઘભાવનાથી કામગીરી કરવા જણાવેલ.

સેમિનારના ઉદ્ઘાટન સમારંભ બાદ નાયબ ઇજનેર (ટેક) શ્રી પરાગભાઈ દેસાઈએ પ્રેઝન્ટેશન દ્વારા ઉપસ્થિત ટેકનીકલ કર્મચારીઓને વીજ સલામતી માટે કેવી પ્રકારની કામગીરી કરવી તેનો વિસ્તૃત ચિતાર આપેલ. કાર્યપાલક ઇજનેર શ્રી જે.કે. દરજીએ પોતાના અનુભવો દ્વારા કર્મચારીઓને વીજ સલામતી અંગે સમજુતી આપેલ. કલોલ વિભાગીય કચેરી દ્વારા સેમિનારનું સફળ આયોજન કરેલ. ■

# સંક્ષિપ્ત સમાચાર

## કડી ખાતે વીજ સલામતી રેલીનું આયોજન




તારીખ ૧-૬-૨૦૧૬થી તારીખ ૭-૬-૨૦૧૬ દરમ્યાન વીજ સલામતી સપ્તાહ અંતર્ગત વિવિધ કાર્યક્રમોનું આયોજન હાથ ધરવામાં આવેલ. કડી ખાતે કાર્યપાલક ઇજનેર શ્રી વી.એમ. ઠાકરના નેતૃત્વ હેઠળ એક રેલીનું આયોજન કરવામાં આવેલ. જેમાં વીજ સલાસમતી અંગે સૂત્રોનું નિદર્શન દ્વારા લોકજાગૃતિ કેળવવાનો પ્રયાસ કરવામાં આવેલ.

## કલોલ ખાતે વીજ સલામતી રેલીનું આયોજન




તારીખ ૪-૬-૨૦૧૬ના રોજ વીજ સલામતી સપ્તાહ અંતર્ગત વિવિધ કાર્યક્રમોનું આયોજન હાથ ધરવામાં આવેલ. કલોલ ખાતે કાર્યપાલક ઇજનેર શ્રી જે.કે. દરજીના નેતૃત્વ હેઠળ એક રેલીનું આયોજન કરવામાં આવેલ. જેમાં વીજ સલાસમતી અંગે સૂત્રોનું નિદર્શન દ્વારા લોકજાગૃતિ કેળવવાનો પ્રયાસ કરવામાં આવેલ.

## ડીસા-૧ અને ૨ ખાતે બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન



તારીખ ૯-૬-૨૦૧૬ના રોજ ધી.જી.ઇ.બી.ના કર્મચારીઓની ધિરાણ અને ગ્રાહક સહકારી મંડળી લિમિટેડ, ડીસા દ્વારા ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ વિભાગીય કચેરી, ડીસા-૧ અને ૨ દ્વારા બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન કરેલ. જેમાં કર્મચારીઓ દ્વારા બ્લડ ડોનેશન કરવામાં આવેલ. જે અંતર્ગત કુલ ૬૭ જેટલી લોહીની બોટલો ડોનેટ કરવામાં આવેલ. આ પ્રસંગે કાર્યપાલક ઇજનેર શ્રી એલ.એ. ગઢવી, શ્રી આર.પી. પટેલ અને શ્રી પી.સી. શાહ ઉપરાંત વિશાળ સંખ્યામાં કર્મચારીઓ ઉપસ્થિત રહેલ.

## ખેરાલુ-૨ ખાતે સત્યનારાયની કથાનું આયોજન





તારીખ ૧૩-૬-૨૦૧૬ના રોજ નવનિર્મિત ખેરાલુ-૨ પેટાવિભાગીય કચેરી ખાતે સત્યનારાયણની કથાનું આયોજન મહેસાણા વર્તુળ કચેરી દ્વારા કરવામાં આવેલ. કંપનીના કાર્યવાહક મુખ્ય ઇજનેર શ્રી બી.પી. બુચ, અધિક્ષક ઇજનેર મહેસાણા ઉપસ્થિત રહીને આરતીનો લાભ લીધેલ. આ પ્રસંગે વિશાળ સંખ્યામાં કર્મચારીઓ ઉપસ્થિત રહેલ.

## મહેસાણા ખાતે વૃક્ષારોપણ કાર્યક્રમનું આયોજન






તારીખ ૬-૬-૨૦૧૬ના રોજ વિશ્વ પર્યાવરણ દિન નિમિત્તે મહેસાણા ખાતે કોર્પોરેટ ઓફિસના પટાંગણમાં કંપનીના મેનેજિંગ ડિરેક્ટર શ્રી બી.એ. શાહના નેતૃત્વ હેઠળ વૃક્ષારોપાણના કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ. આ પ્રસંગે કંપનીના કાર્યવાહક મુખ્ય ઇજનેર શ્રી બી.બી. બુચ, શ્રી એ.કે. મંગલ, જનરલ મેનેજર (નાણા) શ્રી આર.બી. કોઠારી, કંપની સેક્રેટરી શ્રી એન.એમ. જોષી, ઉચ્ચ અધિકારીઓ તેમજ કર્મચારીભાઈઓ અને બહેનોએ વિશાળ સંખ્યામાં હાજરી આપેલ.

### પ્રભુરૂપો

સુરીલો આનંદી, રસભર વહે નાદ પવને,
અનેરો આહ્વાદે, ઉપવન તણા નીલ ગગને.

ફુલો કેવાં શોભે ફુલ પણ ગમે તુજ રૂપ શાં,
હસીને હેતેથી ખિલખિલ વસે મુજ મનમાં.

પહાડે આ કેવાં ખળખળ સુરે વારિ ઝરણાં,
પહાડો છોડીને, રસબસ ધરા એ જ કરતાં.

શશી રાત્રિ ટાણે, રવિદિન ઊગે સૌ નીરખતાં,
નભે ક્રીડા કેવી, એયરજ ભરી ને અવનવી.

ભરી કોણે ગાલે, ફરફર થતી ફોરમ સ્મિતે,
અદીઠો આ દીસે, પગરવ તહીં ખંજન રૂપે.

નભે તારી શાખે ચમક ચમકે વીજ ચમકે,
રમે એ આકાશે ગડ ગડ નિનાદે ઘન રમે.

બધે કેવો વ્યાપે, વિધ વિધ રૂપે ઈશ જનમે,
અનોખા આ તારા નિત નવલ દેહે જગ ધરે.

### અલવિદા

ઉપવનેથી ઊડી રહ્યો કલાપી,
હે ટહુકસ્વર અલવિદા.

આદિત્ય ઓસરે અસ્તાચળે,
એ પ્રકાશરશ્મિ અલવિદા.

આંખલડી જાગી ગઈ એકદમ,
સ્વપ્ન સુંદર અલવિદા.

દશેરા દિપાવલી ને દીપ નવલા,
ગત્ વર્ષ કાલને અલવિદા.

સ્મરણ સંઘરાઈ ગયાં સઘળાં,
શુભકામના જાઓ અલવિદા.

### વ્યથા

હંસલો ઊડી ગયો,
સૂની સરવળ-પાળ.

કોકિલ કૂજે નહિ,
મૂક તરુવર-ડાળ.

વિરાટ શૂન્ય સમું,
આભલું ખાલી ખાલી.

તૃષા - ક્ષુધા શમે નહિ,
અજંપ જીવ માંહી માંહી.

પરમ આતમ દીસે નહિ,
આતમ એકલે વ્યથા સહી.



**શ્રી ઘનશ્યામ પટેલ**
એક્ઝિક્યુટિવ એન્જિનીયર, લાયઝન ઓફિસ, ગાંધીનગર

## યુજીવીસીએલ પરિવારનું ગૌરવ



**ચિ. શ્રેયા**
આઇઇઇઇમાં તેમનું સંશોધન પેપર પસંદ થતાં તેઓ દિલ્હી ટેક્નો. યુનિ.ની કોન્ફરન્સમાં ભાગ લેશે.
**વાલી :** શ્રી આર. એન. પરમાર
**હોદ્દો :** જુનિ. આઇ/ઓ. આસિ.



**ચિ. પાર્થેશ**
એચ.એસ.સી. (ધોરણ-૧૨)
**ઓવરઓલ પર્સન્ટાઇલ રેંક :** ૯૮.૩૯
**વાલી : શ્રી વિકાસ સોની**
**હોદ્દો :** ડેપ્યુટી એન્જિનિયર, યુજીવીસીએલ, કલોલ ડિવિઝન



**ચિ. નિત્ય**
એસ.એસ.સી. (ધોરણ-૧૦)
**પર્સન્ટાઇલ રેંક :** ૯૯.૧૮
**વાલી : શ્રી ઉમેશ બી. ચૌહાણ**
**હોદ્દો :** જુનિયર પ્રોગ્રામર, યુજીવીસીએલ, આરએન્ડડી ઓફિસ



**ચિ. શુભમ**
એસ.એસ.સી. (ધોરણ-૧૦)
**પર્સન્ટાઇલ રેંક :** ૯૭.૪૭
**વાલી : શ્રી વિકાસ સોની**
**હોદ્દો :** ડેપ્યુટી એન્જિનિયર, યુજીવીસીએલ, કલોલ ડિવિઝન

# ઉજાલા ગુજરાત | અજવાળું વધશે પણ લાઈટ બીલ ઘટશે...

**ગુજરાત સરકારની એક પહેલ જે ઘટાડશે નાગરિકોના લાઇટબિલ સબ્સિડાઇઝ્ડ LED બલ્બ્સ દ્વારા**

## ગુજરાતના નાગરિકોને મળવાપાત્ર લાભ

**લાઇટ બીલમાં બચત**
પ્રતિ બલ્બ વાર્ષિક રૂ. ૩૩૬ જેટલી બચત

**ઝીરો ડાઉનપેમેન્ટ તથા ઈએમઆઇ સુવિધા**
સરકાર આપશે તમને બ્રાન્ડેડ LED બલ્બ્સ, ૧૦ નંગ સુધી પ્રતિ બલ્બ રૂ. ૭૫ની કિંમત (રોકડ ખરીદી પર રૂ. ૭૦) પર જે તમારા વીજ બીલમાં દસ હપ્તાઓ પેટે જોડવામાં આવશે અથવા પૂરી ચુકવણી પર રૂ. ૫ની છૂટ આપવામાં આવશે

**૩ વર્ષની વોરંટ**
ફ્રી રિપ્લેસમેન્ટ વાળા બ્રાન્ડેડ LED બલ્બ્સ

**લાભ મેળવવા**
આપના નજીકના વીજ વિતરણ કેન્દ્ર પર લાઇટબીલની કોપી અને ફોટા વાળુ ઓળખપત્ર બતાવો



## આવો બનાવીએ એક વધુ ઉજ્જવળ અને ગતિશીલ ગુજરાત



**વધુ માહિતી માટે ૦૨૬૫-૨૩૪૩૬૭૮ અથવા નજીકના વીજ વિતરણ કેન્દ્રનો સંપર્ક કરો.**

સાતત્યપૂર્ણ, વિશ્વસનીય અને ગુણવત્તાસભર વીજપુરવઠો પૂરો પાડવા સમર્પિત

## ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ

UGVCL

# આપણું યુજીવીસીએલ

**આ અંક આપને કેવો લાગ્યો?**
આપનાં સૂચનો કે પ્રકાશન માટેની માહિતી, લેખ, કાવ્યો વગેરે આપ નીચેનાં ઈમેઇલ આઈડી પર મોકલી શકો છો.

cs@ugvcl.in
managercc@ugvcl.in
sanaik_41262@yahoo.co.in
cccell@ugvcl.com